| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૫ | ૧૧ | ૨૦૨૫ |
| નોંધ્યા તારીખ | ૨૫ | ૧૧ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૫ | ૦૫ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મે.ખેડા જીલ્લાના મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (સહાયક) અને**
**બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સમક્ષ, મુ.નડીઆદ.**

**પરચુરણ અરજી (એમ.એ.સી.પી.) નં. ૨૬૦૫/૨૦૨૫**
**આંક :**

**અરજદાર** :- પરમાર પ્રવિણભાઈ બાબરભાઈ, ઉ.વ.૨૨,
રહે. પરમાર ફળીયુ,
મુ. વરસડા, તા. સાવલી, જી.વડોદરા.

**–વિરૂધ્ધ–**

**સામાવાળા** :- યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા,
રેલવે ક્રોસીંગ રોડ, નડીયાદ.

**ફીકસ ડીપોઝીટના નાણા છુટા કરવા માટેની અરજી**

---

અરજદાર તરફે વિ.વ. આર. જે. મકવાણા

---

## -:: ચુ કા દો ::-

(૧) આ કામના અરજદારને તા. ૦૩/૧૧/૨૦૨૦ ના રોજ વાહન અકસ્માત થયેલો જેમાં તેઓને ગંભીર ઈજાઓ થયેલ. જેથી તેઓએ વળતર મેળવવા એમ.એ.સી.પી. નં. ૯૭૫/૨૦૨૧ થી વળતર મેળવવા અરજી કરેલ. જે વળતર અરજી મંજુર કરી અરજદારને રૂા.૩,૫૧,૪૯૬/- વળતર પેટે ચુકવવાનો હુકમ થયેલ જે હુકમ મુજબ અરજદારના નામે રૂા.૨,૬૩,૭૮૪/- યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયામાં એફ.ડી. કરવામાં આવેલ જેની પાકતી મુદત તા. ૨૫/૦૬/૨૦૩૦ ની છે. વધુમાં જણાવેલ છે કે, તેઓને પગમાં ઈન્ફેકશન (પગમાં પરૂ) થયેલ હોય, જેથી તેઓને પગમાં ઓપરેશન કરી પગની સળીયો કાઢવાની ડો.શ્રીએ સલા આપી હોય પરંતે તેઓ પાસે આવકનું કોઈ સાધન નથી અને તેઓ આર્થિક રીતે ખર્ચને પહોંચી વળી શકે તેમ ન હોય, જેથી સદર એફ.ડી. છુટી કરી તે રકમ અરજદારને ચુકવી આપવાનો યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા, નડીઆદ શાખાને હુકમ કરવા અરજ કરેલ છે તે અંગે વિ.વ.શ્રી તરફથી લંબાણપૂર્વક રજુઆત કરેલ છે.

અરજદાર તરફે અરજીના સમર્થનમાં આંક-૪ ના લિસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તેમજ સામાવાળાના વિ.વ.શ્રી ધ્વારા આંક-૧ ની અરજી ઉપર શેરો કરી વાંધો ન હોવાનું જાહેર કરેલ છે.

(૨) અરજદારની અરજીની હકીકત વંચાણે લીધી તથા તેના સમર્થનમાં રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. આ કામે અરજદાર ધ્વારા તેમની અરજીમાં ફીકસ ડીપોઝીટની રકમ છુટી કરી ઉપાડવા

માટે જે કારણ દર્શાવેલ છે તે અરજદારને સદર અકસ્માતમાં થયેલ ફ્રેકચર થયેલ અને હાલમાં તેઓના પગમાં ઈન્ફેકશન (પગમાં પરૂ) થયેલ હોય જેથી પગમાં ઓપરેશન કરી સળીયા કાઢવાની ડો.શ્રીએ સલાહ આપેલ હોય અને તેનો ખર્ચ રૂા.૧,૦૦,૦૦૦/–થાય તેમ છે અને સદર ખર્ચને પહોંચી વળવા માટે પુરતા સાધનો ન હોય તે માટે જરૂરીયાત હોવાનું જણાવવામાં આવેલ છે. સામાન્ય રીતે એમ.એ.સી.પી.ના વળતર કેસોમાં મુકવામાં આવતી ફીકસ ડીપોઝીટનો હેતુ અરજદારને મુશ્કેલીના સમયમાં સહારો મળી રહે તે માટેનો હોય છે. આ કામે રેકર્ડ જોતાં, ટ્રીબ્યુનલ ઘ્વારા અરજદારના નામે રૂા.૨,૬૩,૭૮૪/– ની રકમ ફીકસ ડીપોઝીટ તરીકે મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના કથનના સમર્થનમાં નિ.૪/૨ થી નિવાન ઓર્થોપેડીક હોસ્પીટલ, ઉમરેઠનું સર્ટી રજુ કરવામાં આવેલ છે. આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતા આ કામના અરજદારની એફ.ડી. તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ થયેલ છે એટલે કે હજુ ૧–વર્ષ જેટલો સમય પણ થયેલ નથી અને સદર એફ.ડી. કરવાનો હેતુ વેલ્ફેર ઓબ્જેકટ છે. સામાન્ય રીતે મેડીકલ સારવાર અંગે કોઈ યોગ્ય કારણ હોય તો અને અરજદારને આવકનું અન્ય કોઈ સાધન ન હોય તો જ ટ્રીબ્યુનલને યોગ્ય લાગે તો ફીકસ ડીપોઝીટ છુટી કરવા સંબંધે ન્યાયિક હુકમ કરતી હોય છે. આ કામે અરજદારને પગમાં પરૂ થયેલ હોય, જેથી તેઓને પગમાં ઓપરેશન કરી સળીયો કાઢવા ડો.શ્રીએ સલાહ આપેલ હોય અને અરજદાર આર્થિક રીતે ખર્ચને પહોંચી વળી શકે તેમ ન હોય તે તમામ હકીકતો ઘ્યાને લેતા તેમના અરજદારના નામે રહેલ ફીકસ ડીપોઝીટની

૫૦(પચ્ચાસ) ટકા રકમ ઉપાડ કરવાની પરવાનગી આપવામાં આવે તો અરજદારને ટેકો બની રહે તેમ જણાઈ આવે છે તે સંજોગોમાં અરજદારની અરજી ન્યાયના હિતમાં અંશત: મંજુર કરવા પાત્ર જણાતી હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧) અરજદારની હાલની એમ.એ.સી.એમ.નં. ૨૬૦૫/૨૦૨૫ **અંશત:મંજુર** કરવામાં આવે છે.

૨). એમ.એ.સી.પી. નં.૯૭૫/૨૦૨૧ ના કામે અરજદાર પરમાર પ્રવિણભાઈ બાબરભાઈના નામે યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા, નડીયાદ શાખા ખાતે મુકવામાં આવેલ ફીકસ ડીપોઝીટ નં. 162413020001348 રૂા. 2,63,784/- (અંકે રૂપિયા બે લાખ ત્રેસાંઈઠ હજાર સાતસો ચોર્યાસી પુરા)ની સદર એફ.ડી. માંથી ૫૦ **(પચ્ચાસ) ટકા** રકમ એટલે કે રૂા.1,31,892/-**(એક લાખ એકત્રીસ હજાર આઠસો બાણું પુરા)** અરજદારની યોગ્ય ખરાઈ કરી, સદર રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩). હુકમની યાદી યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા, નડીયાદ શાખાને કરવી.
હુકમ આજ તા.૧૫મી માહે: મે સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫.૦૫.૨૦૨૬
સ્થળ: નડીયાદ.

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.) અને
બીજા અધિક ડીસ્ટ્રીકટ જજ, નડીઆદ.
કોડ નં. જીજે ૦૧૬૦૦